For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ૧૧૦૦ ખાડાનો સર્વે કરાયો, ૮૦૦ પૂરાયા છતાં ૪૦૦ કામ હજી બાકી ; પ્રજાના ટેક્સના નાણાંના વ્યય સામે ભારે આક્રોશ

# શહેરમાં એક ખાડો પુરવાનો સરેરાશ ખર્ચ રૂા.૨૮ હજાર! કુલ રૂ.૨.૨૫ કરોડ ખર્ચ

**આંકડાની** માયાજાળ રચીને ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે, તે બાબતે તપાસ થાય તેવી લોકમાંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.22

ચોમાસાની ઋતુ દરમિયાન શહેરના માર્ગો પર પડેલા ખાડા અને બિસ્માર રસ્તાઓની સમસ્યા વડોદરાવાસીઓ માટે નવી નથી. પરંતુ આ ખાડાઓને પૂરીને રસ્તા સમતલ કરવા માટે મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલા ભ્રષ્ટાચાર અને આંકડાકીય ખર્ચ સામે આવતાં નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા માત્ર ખાડા પૂરવાની કામગીરી પાછળ આશરે ૨,૨૫,૦૦૦,૦૦૦ (૨.૨૫ કરોડ રૂપિયા) જેટલી માતબર રકમનો ખર્ચ કરવામાં આવ્યો હોવાનો ખુલાસો થયો છે.

મળતી માહિતી મુજબ, કોર્પોરેશન દ્વારા ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિના દરમિયાન સમગ્ર શહેરમાં સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વે દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ ૧,૧૦૦ જેટલા મોટા ખાડાઓ નોંધાયા હતા. તંત્ર દ્વારા આંકડા દર્શાવાયા છે કે આ ૧,૧૦૦ માંથી ૮૦૦ ખાડાઓ પૂરવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે, જ્યારે ૪૦૦ જેટલા ખાડાઓ પૂરીને રસ્તા સરખા કરવાનું કામ હજી પણ બાકી બોલે છે.

તંત્રની આ કામગીરીના સરરેરાશ ગણિત પર નજર કરીએ તો, ૮૦૦ ખાડા પૂરવા માટે ૨.૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હોવાથી એક સિંગલ ખાડો પૂરવાનો સરેરાશ ખર્ચ આશરે ૨૮,૦૦૦ જેટલો થવા જાય છે! પ્રજાના ટેક્સના પૈસાનો આ પ્રકારે કરાતો વ્યય જોઈને સ્થાનિકો અને વિપક્ષમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

એક બાજુ ચોમાસામાં પાણી ભરાવાના કારણે રોડ-રસ્તા ધોવાઈ જાય છે અને બિસ્માર બનેલા રસ્તાઓને કારણે વાહનચાલકો અકસ્માતનો ભોગ બને છે, બીજી બાજુ પાલિકા દ્વારા આટલો જંગી ખર્ચ કર્યા પછી પણ હજી ૪૦૦ ખાડાઓ પૂરવાના બાકી છે. એક જ ખાડા પાછળ ૨૮ હજાર રૂપિયા જેવી મોટી રકમનો ખર્ચ બતાવીને કોર્પોરેશને કયા પ્રકારનું મટીરિયલ વાપર્યું છે અને આ ખર્ચ કેટલો યોગ્ય છે તે સામે હવે અનેક પ્રશ્નો ઊભા થયા છે. શું ખરેખર રોડ રિપેરિંગના નામે પ્રજાના નાણાંનો દુરુપયોગ થઈ રહ્યો છે કે પછી આંકડાની માયાજાળ રચીને ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે, તે બાબતે તપાસ થાય તેવી લોકમાંગ ઉઠી છે.



### ખાડા નાના-મોટા હોવાથી માપ મુજબ ખર્ચ થાય: પાલિકા અધિકારી ધાર્મિક દવે

વડોદરા મહાનગરપાલિકાના અધિકારી ધાર્મિકભાઈ દવેએ જણાવ્યું હતું કે, શહેરમાં પડેલા ખાડા પૂરાણની કામગીરી પાછળ સવા બે કરોડ રૂપિયા જેટલો ખર્ચ થયો છે તે વાત સાચી છે.



પરંતુ માત્ર એક ખાડા પાછળ ૨૮,૦૦૦નો ખર્ચ થયો હોવાનો દાવો યોગ્ય નથી. રસ્તા પરના ખાડાઓનું માપ અલગ-અલગ હોય છે; કોઈ ખાડો નાનો તો કોઈ ખૂબ મોટો હોય છે, તેમજ અમુક ચોક્કસ વિસ્તાર (ગ્રુપ) મુજબ મટીરિયલ અને કામગીરી નક્કી કરવામાં આવતી હોય છે. અત્યારે ગણતરી મુજબ ખાડા પૂરવામાં આવ્યા છે અને શક્ય છે કે ચોપડે દર્શાવ્યા કરતાં વધુ ખાડાઓ પૂરાયા હોય. આંકડાકીય રીતે પરફેક્ટ ગણતરી નથી પરંતુ શહેરમાં વ્યાપક સ્તરે ખાડા પૂરાણની કામગીરી હાથ ધરીને કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

---

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુની ઉપસ્થિતિમાં 202 ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે

# આજે MSUનો પદવીદાન સમારોહ

**VIP પ્રોટોકોલથી** લઈને લાઈવ સ્ટ્રીમિંગ સુધીની અધ્યાપકોને જવાબદારી સોંપાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાનો 75મો વાર્ષિક પદવીદાન સમારોહ તા. 23 સપ્ટેમ્બરના રોજ સવારે 9:30 વાગ્યે યોજાનાર છે. આ ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ સમારોહને શિસ્તબદ્ધ અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન કરવા માટે યુનિવર્સિટી તંત્રએ કમર કસી છે. માનનીય કુલપતિની મંજૂરીથી વિવિધ વ્યવસ્થાઓ માટે અલગ-અલગ 9 સમિતિઓની રચના કરવામાં આવી છે.

સમારોહમાં ઉપસ્થિત રહેનારા માનનીય મહાનુભાવો અને વીઆઈપીઓના સ્વાગત, આવાગમન અને પ્રોટોકોલ માટે ખાસ વીઆઈપી મુવમેન્ટ એન્ડ પ્રોટોકોલ કમિટી બનાવાઈ છે. જેના કન્વીનર પ્રો. હિતેશ ડી. રવિયા રહેશે. આ ઉપરાંત રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ માટે અલગ ગ્રીન રૂમની વ્યવસ્થા માટે સુશ્રી વિદિશા શાહ અને ડો. ફાલ્ગુની પારેખને જવાબદારી સોંપાઈ છે. વીવીઆઈપી માટે વ્હાઈટ હાઉસ ખાતે રિફ્રેશમેન્ટની વ્યવસ્થા માટે પણ અલગ સમિતિ કાર્યરત રહેશે. વિદ્યાર્થીઓ અને મહેમાનોની બેઠક વ્યવસ્થા માટે સીટીંગ એરેજમેન્ટ કમિટી માં વિવિધ ફેકલ્ટીના 20થી વધુ અધ્યાપકોને સામેલ કરાયા છે. ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થીઓના ફોટો સેશન માટે અલગ ટીમ બનાવાઈ છે, જે વિદ્યાર્થીઓને તેમની બેઠક સુધી પહોંચાડવાની કામગીરી કરશે. સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે પાર્કિંગની જવાબદારી સિક્યુરિટી વિભાગને સોંપાઈ છે. સમારોહનું કવરેજ અને સંકલન માટે પ્રેસ મીડિયા કમિટીમા ચિરાયુ પંડિત અને ડો. પ્રતિભા મૈત્રાનો સમાવેશ કરાયો છે. જ્યારે સમગ્ર સમારોહનું વેબકાસ્ટિંગ અને લાઈવ સ્ટ્રીમિંગ ડો. વિરલ કાપડિયાના નેતૃત્વ હેઠળની ટીમ સંભાળશે, જેથી દૂર બેઠેલા વાલીઓ અને વિદ્યાર્થીઓ પણ આ ગૌરવપૂર્ણ ક્ષણ નિહાળી શકે. સમગ્ર આયોજનનું એકંદર સંકલન રજિસ્ટ્રાર પ્રો. ડો. કે. એમ. ચુડાસમા અને જોઈન્ટ રજિસ્ટ્રાર ડૉ. મયંક વ્યાસ દ્વારા કરવામાં આવશે.





### સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ-ચેકિંગ વધારાયું

## ગણેશ વિસર્જન અને રાષ્ટ્રપતિના પ્રવાસ વચ્ચે વડોદરા પોલીસ છાવણીમાં ફેરવાયું

**રાષ્ટ્રપતિની** મુલાકાતને પગલે મુખ્ય માર્ગો અને મહત્વના સ્થળોએ પોલીસ-સુરક્ષા એજન્સીઓ તહેનાત

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેરમાં ગણેશોત્સવના આઠ દિવસ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયા છે, પરંતુ ગણેશ વિસર્જનના મુખ્ય દિવસો હજુ બાકી હોવાથી પોલીસ તંત્ર એલર્ટ મોડ પર છે. બીજી તરફ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની શહેર મુલાકાતને પગલે સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવામાં આવી છે. પરિણામે શહેરના મુખ્ય માર્ગોથી લઈને સંવેદનશીલ વિસ્તારો સુધી ચુસ્ત પોલીસ બંદોબસ્ત જોવા મળી રહ્યો છે.

ગણેશ ચતુર્થીના અત્યાર સુધીના દિવસો શાંતિપૂર્ણ રહ્યા છે. જોકે પ્રતિમાઓના વિસર્જન માટે હજુ ચારથી પાંચ દિવસ બાકી હોવાથી મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉમટવાની શક્યતા છે. તેને ધ્યાનમાં રાખીને પોલીસે સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં દેખરેખ વધારી છે. સતત પેટ્રોલિંગ, વાહન ચેકિંગ અને મહત્વના સ્થળોની સુરક્ષા પર ભાર મૂકવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની વડોદરા મુલાકાતને પગલે પણ શહેરમાં સુરક્ષાનું કવચ વધુ મજબૂત કરાયું છે. રાષ્ટ્રપતિ શહેરમાં હાજર રહે ત્યાં સુધી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ અધિકારીઓ દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## રાષ્ટ્રપતિના આગમન પહેલાં વડોદરામાં કડક સુરક્ષા કવચ

૭૦૦થી વધુ પોલીસકર્મીઓ તહેનાત; એરપોર્ટથી પાદરા સુધી રૂટ, ટ્રાફિક અને ભીડ વ્યવસ્થાની ચકાસણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના વડોદરા પ્રવાસને પગલે શહેર પોલીસે સુરક્ષાની તમામ



તૈયારીઓને આખરી ઓપ આપ્યો છે. એરપોર્ટથી એમ.એસ. યુનિવર્સિટી અને ત્યાંથી પાદરા સુધીના સમગ્ર રૂટ પર કડક બંદોબસ્ત ગોઠવાયો છે. કાફલાની સુરક્ષા ઉપરાંત ટ્રાફિક, પાર્કિંગ અને ભીડ નિયંત્રણ પર પણ ખાસ ધ્યાન અપાયું છે.

મંગળવારે સવારે પ્રતાપગંજના મૃણાલી દેવી પવાર ઓડિટોરિયમ ખાતે પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની અધ્યક્ષતામાં બંદોબસ્ત અંગે બ્રિફિંગ યોજાઈ હતી. બેઠકમાં અધિકારીઓને સુરક્ષા વ્યવસ્થા અને રૂટ અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. રાષ્ટ્રપતિ ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે છે અને આજે વડોદરામાં એમ.એસ. યુનિવર્સિટીના કન્વોકેશન કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યારબાદ પાદરા ખાતે કાર્યક્રમ યોજાનાર હોવાથી શહેર અને ગ્રામ્ય પોલીસ વચ્ચે સંકલન કરવામાં આવ્યું છે. બંદોબસ્તમાં જોઈન્ટ પોલીસ કમિશનર અને ડીસીપી કક્ષાના અધિકારીઓ સહિત 700થી વધુ પોલીસ ઈન્સ્પેક્ટર, સબ-ઈન્સ્પેક્ટર અને કોન્સ્ટેબલો તહેનાત રહેશે. સમગ્ર રૂટ પર સુરક્ષા સાથે ટ્રાફિક પ્લાન અને ક્રાઉડ મેનેજમેન્ટની વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. પોલીસ તંત્ર દ્વારા કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે માટે તમામ સ્તરે તકેદારી રાખવામાં આવી રહી છે.

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુનો વડોદરા જિલ્લાનો પ્રવાસ કાર્યક્રમ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ આજરોજ વડોદરા જિલ્લા ખાતે પધારનાર છે. રાષ્ટ્રપતિશ્રીના પ્રવાસ કાર્યક્રમ અનુસાર આજે તા.૨૩-૦૯-૨૦૨૬ના રોજ સવારે ૧૧.૧૫ કલાકે વડોદરા એરપોર્ટ પર પધારશે. સવારે ૧૧.૨૫ કલાકે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, પ્રતાપગંજ,વડોદરા ખાતે ઉપસ્થિત રહી સવારે ૧૧.૪૦ કલાકે પદવીદાન સમારોહમા હાજરી આપશે. ત્યાર બાદ કાર્યક્રમ પૂર્ણ થયે બપોરે ૧૨.૫૦ કલાકે વડોદરા સર્કિટ હાઉસ ખાતે રોકાશે. બપોરે ૧૫.૨૫ કલાકે બ્રહ્મકુમારી સંસ્થાન ખાતે કાર્યક્રમમા ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ પૂર્ણ થયે ૧૬.૪૦ કલાકે બ્રહ્મકુમારી સંસ્થાન ખાતેથી વડોદરા એરપોર્ટ જવા રવાના થશે.

### રાષ્ટ્રપતિના આગમન પહેલાં પોલીસે કર્યું સુરક્ષાનું આખરી રિહર્સલ



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના વડોદરા પ્રવાસને લઈને શહેર પોલીસે એરપોર્ટથી કાર્યક્રમ સ્થળ સુધી કાફલા સાથે સુરક્ષાનું આખરી રિહર્સલ કર્યું હતું. ઉચ્ચ પોલીસ અધિકારીઓની દેખરેખ હેઠળ સમગ્ર રૂટ, ટ્રાફિક વ્યવસ્થા અને સુરક્ષા પ્રોટોકોલની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. મહાનુભાવોની સુરક્ષામાં કોઈ ચૂક ન રહે તે માટે સમગ્ર વિસ્તારમાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

---

### ગંદકી-નિયમભંગ સામે પાલિકાની તવાઈ, ૫૫ હજાર દંડ વસૂલાયો

## સરદાર એસ્ટેટની ચોઈસ બેકરીમાંથી ૨૯૦ કિલો અખાદ્ય જથ્થો મળતાં સીલ

**નિયમોનું** ઉલ્લંઘન કરનારા વેપારીઓ અને માર્ગ અડચણ કરનારાઓ પાસેથી દંડ વસૂલાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આરોગ્ય અને સ્વાસ્થ્યના નિયમોનું પાલન કરાવવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી છે. પાલિકાના પૂર્વ ઝોનના વોર્ડ નંબર ૪ ની સેનેટરી અને ખોરાક શાખા દ્વારા હાથ ધરવામાં આવેલી આકસ્મિક તપાસ દરમિયાન ગંદકી અને નિયમોના ઉલ્લંઘન બદલ બેકરીઓ સામે દંડાત્મક પગલાં ભરીને કુલ રૂ. ૫૫,૦૦૦ નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, પાલિકાની ટીમે સરદાર એસ્ટેટ વિસ્તારમાં આવેલી ચોઈસ બેકરીમાં અચાનક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બેકરી પરિસરમાં ભારે ગંદકી જોવા મળી હતી અને શિડ્યુલ ૪ ના નિયમોનું સ્પષ્ટપણે ઉલ્લંઘન થતું હોવાનું સામે આવ્યું હતું. એટલું જ નહીં, સ્થળ પરથી ૨૯૦ કિલોગ્રામ જેટલો અખાદ્ય જથ્થો મળી આવતા પાલિકાની ટીમે તાત્કાલિક ધોરણે બેકરીને સીલ કરી દીધી હતી અને રૂ. ૫૦,૦૦૦ નો ભારે દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત, સ્વાદિષ્ટ બેકરી દ્વારા પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાનું જણાઈ આવતા તેમની સામે પણ કાર્યવાહી હાથ ધરીને રૂ. ૫,૦૦૦ નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. પાલિકાના અધિકારીઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ખાદ્ય સુરક્ષા અને જાહેરસુખાકારી તથા આરોગ્યના નિયમોનું પાલન કરવું દરેક વેપારી અને સંસ્થા માટે અત્યંત ફરજિયાત છે. બીજી તરફ, પૂર્વ ઝોનના વોર્ડ નંબર ૪ ની સેનેટરી શાખા દ્વારા એરપોર્ટ રોડ પર પણ એક મહત્વની કાર્યવાહી કરવામાં આવી હતી. જાહેર માર્ગ પર બાંધકામનો સામાન રાખી વાહનવ્યવહાર અને રાહદારીઓ માટે અડચણ ઊભી કરનાર આસામી સામે પણ દંડાત્મક પગલાં ભરીને રૂ. ૧૦,૦૦૦ નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. પાલિકાની આ આક્રમક કામગીરીથી નિયમોનું ઉલ્લંઘન કરતા વેપારીઓ અને તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### વિજેતા ઉમેદવાર માત્ર એક વર્ષ માટે જ બની શકશે બોર્ડ સભ્ય

## શિક્ષણ બોર્ડમાં ખાલી પડેલી બેઠક માટે ૩ નવેમ્બરે પેટા-ચૂંટણી, પાંચમીએ પરિણામ

**૧૨ ઓક્ટોબર** સુધી ઉમેદવારી પત્રો રજૂ કરી શકાશે, ૧૩ ઓક્ટોબરે ચકાસણી, ૧૪થી ૧૬ ઓક્ટોબર દરમિયાન ઉમેદવારી પાછી ખેંચી શકાશે અને ૨૧ ઓક્ટોબરે હરીફ ઉમેદવારોની આખરી યાદી જાહેર કરાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સરકારી શાળાઓના શિક્ષકોની અનામત બેઠક પર ફરી ચૂંટણી જંગ જામશે. બોર્ડ દ્વારા આ ખાલી પડેલી બેઠક માટે પેટા-ચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. જાહેરનામા મુજબ આગામી 3 નવેમ્બરના રોજ મતદાન અને 5 નવેમ્બરના રોજ મત ગણતરી હાથ ધરાશે.

પ્રાપ્ત વિગતો મુજબ,આ પહેલા અગાઉ સપ્ટેમ્બર-2024માં યોજાયેલી બોર્ડની સામાન્ય ચૂંટણીમાં સરકારી શિક્ષક વિભાગની બેઠક પરથી દિવ્યરાજ જાડેજા એકતરફી બહુમતીથી વિજેતા બન્યા હતા. કુલ 3698 મતદાનમાંથી તેમને 2028 મત મળ્યા હતા, જ્યારે હરીફને માત્ર 850 મત મળ્યા હતા. જોકે વિજેતા બન્યા બાદ તાજેતરમાં જ તેમને બઢતી મળતા નિયમ મુજબ તેઓ શિક્ષક સંવર્ગમાં રહ્યા ન હોવાથી આ બેઠક ખાલી પડી હતી, જેને ભરવા માટે હવે પેટા-ચૂંટણી યોજાઈ રહી છે. આ પેટા-ચૂંટણીમાં ચૂંટાઈ આવનાર ઉમેદવારનો કાર્યકાળ ઘણો ટૂંકો રહેશે. નિયમ મુજબ બોર્ડના સભ્યોનો કાર્યકાળ 3 વર્ષનો હોય છે, જે સપ્ટેમ્બર-2027માં પૂર્ણ થઈ રહ્યો છે. હાલ બોર્ડના વર્તમાન સભ્યોની મુદત માત્ર એક વર્ષ જેટલી જ બાકી છે. તેથી આ પેટા-ચૂંટણીમાં જીતનાર ઉમેદવાર માત્ર એક વર્ષ સુધી જ બોર્ડનું સભ્યપદ ભોગવી શકશે અને સપ્ટેમ્બર-2027માં તમામ બેઠકો માટે યોજાનારી સામાન્ય ચૂંટણીમાં ફરીથી ચૂંટણી જંગમાં ઉતરવું પડશે. શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, ઉમેદવારી ફોર્મ મેળવવા માટે 28 સપ્ટેમ્બરથી 6 ઓક્ટોબર સુધી સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી અથવા બોર્ડની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. 12 ઓક્ટોબર સુધી ઉમેદવારી પત્રો રજૂ કરી શકાશે. 13 ઓક્ટોબરે ચકાસણી, 14થી 16 ઓક્ટોબર દરમિયાન ઉમેદવારી પાછી ખેંચી શકાશે અને 21 ઓક્ટોબરે હરીફ ઉમેદવારોની આખરી યાદી જાહેર કરાશે.

---

### જિલ્લા પસંદગી માટે ઉમેદવારોને ગાંધીનગર બોલાવાયા

## ૧૧ હજાર વિદ્યા સહાયકોની ભરતીનો નિર્ણાયક તબક્કો શરૂ : પ્રક્રિયા ૧૬ ઓક્ટોબર સુધી

**પ્રથમ** દિવસે શિક્ષણ મંત્રીએ વ્યવસ્થાની સમીક્ષા કરી, ઉમેદવારોને ઓર્ડર પણ એનાયત કરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.22

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા અને લાંબા સમયથી ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરાયેલી 11 હજાર વિદ્યા સહાયકોની ભરતી પ્રક્રિયાનો મહત્વપૂર્ણ તબક્કો સોમવારથી શરૂ થયો છે. ભરતી અંતર્ગત હવે ઉમેદવારોની જિલ્લા પસંદગીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગના આયોજન મુજબ, જિલ્લા પસંદગીમાં સૌપ્રથમ દિવ્યાંગ ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવી છે. ધોરણ 1થી 5ના વિદ્યા સહાયકો માટે ઉમેદવારોને ગાંધીનગર ખાતે જિલ્લા પસંદગી માટે બોલાવવામાં આવી રહ્યા છે. આ પ્રક્રિયા 6 ઓક્ટોબર સુધી ચાલશે અને ત્યારબાદ ભરતીના બીજા તબક્કાની કાર્યવાહી હાથ ધરાશે. ઉમેદવારોને કોઈ મુશ્કેલી ન પડે અને સમગ્ર પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે વિભાગ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. દરરોજ આશરે 600 ઉમેદવારોને કોલ લેટર સાથે બોલાવવામાં આવી રહ્યા છે. ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ પરથી કોલ લેટર ઓનલાઈન ડાઉનલોડ કરી શકશે.

જિલ્લા પસંદગીના પ્રથમ દિવસે રાજ્યના શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજા ગાંધીનગર ખાતેના કેન્દ્ર પર પહોંચ્યા હતા અને સમગ્ર વ્યવસ્થાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. તેમણે અધિકારીઓ પાસેથી પ્રક્રિયાની વિગતો મેળવી હતી તેમજ ઉમેદવારો અને તેમના વાલીઓ સાથે સંવાદ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ દરમિયાન નવનિયુક્ત વિદ્યા સહાયકોને ઓર્ડર પણ એનાયત કરવામાં આવ્યા હતા.

ભરતી માટે કેટેગરી અને વિષય પ્રમાણે અલગ-અલગ મેરિટ જાહેર કરાયું છે. બિનઅનામત કેટેગરીમાં વિજ્ઞાન પ્રવાહ માટે 53.5775 અને અન્ય વિષયો માટે 66.0766 કટ-ઓફ મેરિટ જાહેર થયું છે. દિવ્યાંગતા જૂથમાં ગ્રુપ-A માટે વિજ્ઞાન સિવાયના વિષયોમાં 64.2564 મેરિટ કટ-ઓફ નક્કી કરાયું છે.

આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પસંદગી પામેલા ઉમેદવારોને સરકારી પ્રાથમિક શાળાઓમાં નિમણૂક આપવામાં આવશે. ભરતીથી ખાલી જગ્યાઓ ભરાશે અને વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તેવી અપેક્ષા વ્યક્ત કરાઈ છે.

---

### શહેર સંસ્કારી નગરી ગણેશમય: સાતમા અને મંગળવારે નવમા દિવસે પણ ધામધૂમથી મૂર્તિ વિસર્જન

## ડબલ તિથિના કારણે ગણેશ ઉત્સવ ૧૨મા દિવસે સંપન્ન થશે


**શહેરમાં** ૪,૫૦૦થી વધુ શ્રીજીની પ્રતિમાઓનું કૃત્રિમ તળાવોમાં વિસર્જન

(પ્રતિનિધિ ) વડોદરા તા.22

સંસ્કારી નગરી વડોદરામાં ગણેશ મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી થઈ રહી છે. ગણેશોત્સવના સાતમા દિવસે શહેરના વિવિધ વિસ્તારોમાં સ્થાપિત કરવામાં આવેલી નાની-મોટી આશરે ૪,૫૦૦ જેટલી શ્રીજીની મૂર્તિઓનું ભારે હૈયે અને ઉત્સાહભેર વિસર્જન કરવામાં આવ્યું હતું. વડોદરા મહાનગરપાલિકા દ્વારા પર્યાવરણની સુરક્ષાને ધ્યાનમાં રાખીને શહેરના જુદા જુદા વિસ્તારોમાં ૧૧ જેટલા કૃત્રિમ તળાવો તૈયાર કરવામાં આવ્યા છે, જ્યાં ભક્તોએ વિસર્જન પ્રક્રિયા સંપન્ન કરી હતી.

શહેરભરમાં "ગણપતિ બપ્પા મોરિયા, પુડચ્યા વર્ષી લૌકર આ" ના જયઘોષ સાથે ભક્તોએ દાદાને ભાવભીની વિદાય આપી હતી. ઢોલ-નગારા, ડીજેના તાલ અને ગુલાલની છોળો વચ્ચે ગણેશ ભક્તો રસ્તાઓ પર ઝૂમી ઊઠ્યા હતા. પાલિકા તંત્ર દ્વારા તમામ ૧૧ કૃત્રિમ તળાવો ખાતે ક્રેન, તરવૈયા, પ્રકાશ વ્યવસ્થા તેમજ સુરક્ષા માટે પોલીસ બંદોબસ્તની સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, જેથી વિસર્જન પ્રક્રિયા શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે સંપન્ન થઈ શકે.

સાતમા દિવસના વિસર્જન બાદ મંગળવારે નવમા દિવસે પણ ભક્તો દ્વારા મોટી સંખ્યામાં શ્રીજીની મૂર્તિઓનું કૃત્રિમ તળાવોમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમો તમામ વિસર્જન સ્થળો પર સતત તૈનાત રહીને વ્યવસ્થાઓનું સંચાલન કરી રહી છે.



### ૧૨મા દિવસે થશે અંતિમ મહા વિસર્જન

આ વર્ષે પંચાંગના ગણિત મુજબ તિથિની વૃદ્ધિ એટલે કે ડબલ તિથિ હોવાના કારણે ગણેશ ઉત્સવની ઉજવણી સામાન્ય ૧૦ દિવસને બદલે પૂર્ણ ૧૨ દિવસ સુધી ચાલશે. સામાન્ય રીતે ગણેશોત્સવ ૧૦મા દિવસે પૂર્ણ થતો હોય છે, પરંતુ આ વખતે તિથિના ફેરફાર અને ડબલ તિથિ હોવાથી ગણેશ વિસર્જન ઉત્સવના ૧૨મા દિવસે થશે. આથી, ગણેશ મંડળો અને ભક્તોને આ વખતે દાદાની ભક્તિ અને સેવા કરવાનો ૨ દિવસનો વધુ લહાવો પ્રાપ્ત થયો છે. ૧૨મા દિવસે શહેરના મોટા ગણેશ મંડળો અને મુખ્ય મૂર્તિઓનું ભવ્ય શ્રદ્ધા અને ધામધૂમથી મહા વિસર્જન કરવામાં આવશે.

### "શાસ્ત્રોક્ત માન્યતા મુજબ ડબલ તિથિ અત્યંત શુભ: પંડિતજી"

આ વર્ષે પંચાંગના ગણિત અને ગ્રહ-નક્ષત્રોના વિશેષ સંયોગને કારણે તિથિની વૃદ્ધિ થઈ છે. ડબલ તિથિ હોવાથી ગણેશ ઉત્સવ ૧૦ દિવસને બદલે ૧૨ દિવસ સુધી મનાવવામાં આવી રહ્યો છે. શાસ્ત્રોક્ત દ્રષ્ટિએ તિથિની વૃદ્ધિથી શુભ કાર્ય અને દેવપૂજન માટે વધુ સમય મળે છે, જેને અત્યંત મંગળકારી માનવામાં આવે છે. આથી જ આ વખતે ભક્તો માટે ૧૨મા દિવસે મહા વિસર્જનનું વિધાન ઉત્તમ અને ફળદાયી રહેશે.

– **પંડિત જ્યોતિષાચાર્ય બાલકૃષ્ણ દવે** (વડોદરા)